

સમગ્ર ભારતમાં લોકોએ બુધવારે તમિલ હિંદુ તહેવાર 'પંગુની ઉથિરમ' ની ઉજવણી કરી હતી. પંગુની ઉથિરમ તહેવાર પંગુની મહિનાની પૂર્ણિમાને ઉજવવામાં આવે છે. પંગુની ઉથિરમ તહેવારની ધાર્મિક શોભાયાત્રામાં ભક્તો ધાતુના ભાલાથી ગાલ વીંધે છે, પાછળ હૂક વીંધે છે અને કાર ખેંચે છે તેવા વિચિત્ર દ્રશ્યો જોવા મળ્યા હતા.

# ઈસીઆઈએલ અને બીઈએલ દ્વારા ઈવીએમ, વીવીપીએટીના ઘટકોના ઉત્પાદકોના નામ જાહેર કરવાથી ઈન્કાર

**એક** કાર્યકર્તાએ આરટીઆઇ દાખલ કરી ઉત્પાદક અને ખરીદ ઓર્ડરની વિગતો માગી હતી

નવી દિલ્હી, તા. 24 (પીટીઆઈ): ઈલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ અને ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડે આરટીઆઈ કાયદા હેઠળ ઈવીએમ અને વીવીપીએટીના વિવિધ ઘટકોના ઉત્પાદકો અને સપ્લાયર્સનાં નામ અને સંપર્ક વિગતો જાહેર કરવાનો ઈનકાર કર્યો હતો, અને આ માટે 'વેપારીક ગોપનીયતા'નું કારણ આપ્યું હતું, એમ પીએસયુ તરફથી એક કાર્યકર્તાને આરટીઆઈ પર આપેલા જવાબથી જાણવા મળ્યું હતું.

કાર્યકર્તા વેંકટેશ નાયકે ઈસીઆઈએલ અને બીઈએલને બે એક સરખી માહિતી અધિકાર અરજીઓ આપી હતી, જેમાં ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈવીએમ) અને વોટર-વેરીફાઈબલ પેપર ઓડિટ ટ્રેઈલ (વીવીપીએટી) ના એસેમ્બલિંગમાં ઉપયોગમાં લેવાતા વિવિધ ઘટકોના ઉત્પાદકો અને સપ્લાયર્સની વિગતો માગવામાં આવી હતી.

ઈસીઆઈએલ અને બીઈએલ, સંરક્ષણ મંત્રાલય હેઠળના જાહેર ક્ષેત્રના ઉપક્રમો (પીએસયુ) છે જે ચૂંટણી પંચ માટે ઈવીએમ અને વીવીપીએટી બનાવે છે.

નાયકે બંને પીએસયુ પાસેથી ઘટકો માટેના ખરીદ ઓર્ડરની નકલ પણ માંગી હતી. 'માગવામાં આવેલી માહિતી વ્યવસાયિક ગોપનીયતામાં આવે છે. તેથી આરટીઆઈ કાયદાની કલમ 8(1)(ડી) હેઠળ વિગતો આપી શકાતી નથી', એમ બીઈએલએ તેના જવાબમાં જણાવ્યું હતું. આ જ પ્રકારનો જવાબ ઈસીઆઈએલ દ્વારા પણ આપવામાં આવ્યો હતો જેણે કહ્યું હતું કે જે વિગતો માગવામાં આવી છે તે ઉત્પાદ ઈસીઆઈએલ અને ત્રીજા પક્ષ દ્વારા બનાવવામાં આવે છે. વિગતો ઈસીઆઈએલની સ્પર્ધાત્મક સ્થિતિને અસર કરશે એટલે જવાબ આપી શકાય નહીં.

# પ્રચાર રેલીમાં બોલતી વખતે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી બેહોશ થઈ ગયા





યવતમાલ (મહારાષ્ટ્ર), તા. 24 (પીટીઆઈ) : કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી બુધવારે પૂર્વ મહારાષ્ટ્રના યવતમાલ જિલ્લામાં ચૂંટણી રેલીમાં બોલતી વખતે બેહોશ થઈ ગયા હતા.

ભાજપના નેતા પુસાદ ખાતે પ્રચાર કરી રહ્યા હતા જે યવતમાલ-વાશિમ લોકસભા મતવિસ્તાર હેઠળ આવે છે.

જ્યારે મંત્રી બેહોશ થઈ ગયા હતા ત્યારે તેની સાથે રહેલા સુરક્ષા કર્મચારીઓ તેને સ્ટેજની બહાર લઈ ગયા હતા. જોકે, મંત્રી થોડીવાર પછી સ્વસ્થ થયા હતા અને તેમનું ભાષણ પૂરું કર્યું હતું.

66 વર્ષીય નેતાએ એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "મહારાષ્ટ્રના પુસાદ ખાતેની રેલીમાં ગરમીને કારણે અસ્વસ્થતા અનુભવાઈ હતી, પરંતુ હવે હું સંપૂર્ણપણે સ્વસ્થ છું અને આગામી રેલીમાં ભાગ લેવા વરુડ જઈ રહ્યો છું."

# એથેન્સના સ્મારકો નારંગી રંગમાં રંગાતા મંગળ ગ્રહ જેવા દ્રશ્યો સર્જાયા



નવી દિલ્હી, તા. 24: સહારા રણમાંથી આવેલા ધૂળના પવને એથેન્સને નારંગી બનાવી દીધું હતું જ્યારે ભૂમધ્ય સમુદ્રમાં વાદળો છવાયા હતા જેના કારણે શહેરના પ્રખ્યાત સીમાચિહ્નો મંગળ ગ્રહના દ્રશ્યો જેવા દેખાતા હતા.

ઉત્તર આફ્રિકાથી આવતા મજબૂત દક્ષિણી પવનોએ દક્ષિણ ગ્રીસને અસામાન્ય રંગમાં રંગ્યુ હતું. સમગ્ર રાજધાનીમાં ધૂળના વાદળો છવાઈ ગયા બાદ વિશ્વ વિખ્યાત પ્રવાસી સ્થળોનો દેખાવ અનોખો થયો હતો.

એક્રોપોલિસ, લાઈકાબેટસ ડુંગર, અપોલોનું મંદિર અને ટુરકોવૌનિયા ડુંગર, તેમજ લોકોથી ધમધમતું સિટી સેન્ટર સહિતના સીમાચિહ્નો ધૂળના તોફાનના કારણે નારંગી થયા હતા. જો કે, પવનો બદલાતા આવતી કાલ સુધીમાં આકાશ સાફ થવાની અપેક્ષા છે.

# કચરામાં ભોજન શોધતા હાથીઓની હૃદયદ્રાવક તસવીર



નવી દિલ્હી, તા. 24: હાલમાં જ હૃદયદ્રાવક તસવીરો સામે આવી હતી જેમાં શ્રીલંકામાં હાથીઓ ખોરાકની શોધમાં તેમની વસાહતમાંથી બહાર આવ્યા બાદ કચરામાંથી ભોજન શોધી રહ્યા હતા.

તેઓ અકસ્માતે શ્રીલંકાના જંગલોની આસપાસ ઠાલવવામાં આવતા કચરાના ઢગલામાંથી પ્લાસ્ટિક અને કચરો ખાઈ જાય છે, જે તેમના જીવનને જોખમમાં મૂકે છે.

ફોટોગ્રાફર દમિથ દંથાનારાયણે શ્રીલંકાના પૂર્વીય પ્રાંત અમ્પારામાં હાથીઓના ટોળાની આ ચોંકાવનારી તસવીરો કેમેરામાં કેદ કરી હતી.

તેણે કહ્યું 'અમારા પ્રવાસ દરમિયાન, અમે ઘરમાં જ બનાવેલા દેસી બોમ્બથી ઘાયલ થયેલા નાના હાથીને પણ જોયો હતો. હાથીઓ અને મનુષ્યો વચ્ચેના સંઘર્ષો હાથીઓના સંરક્ષણ અને કચરાના યોગ્ય રીતે વ્યવસ્થાપનની જરૂરિયાત પર ભાર મૂકે છે. વન્યપ્રાણી અને સ્થાનિક સમુદાયો બંનેની સુરક્ષા માટે તાત્કાલિક પગલાં જરૂરી છે.'

# એફટીઆઈઆઈ વિદ્યાર્થીઓની ફિલ્મ કાન્સના લા સિનેફ સ્પર્ધાત્મક વિભાગ માટે પસંદ કરવામાં આવી

નવી દિલ્હી, તા. 24 (પીટીઆઈ) : ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (એફટીઆઈઆઈ)ના ચાર વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલી એક ટૂંકી ફિલ્મ "સનફ્લાવર્સ વેર ધ ફર્સ્ટ વન્સ ટુ નો" 2024 કાન્સ ફિલ્મ ફેસ્ટિવલના લા સિનેફ સ્પર્ધાત્મક વિભાગ માટે પસંદ કરવામાં આવી છે.

ચિદાનંદ એસ નાઈક દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મ ત્રણ લા સિનેફ ઈનામો માટે અન્ય 17 શોર્ટ્સ સાથે સ્પર્ધા કરશે, જે 23 મેના રોજ બુન્યુઅલ થિયેટરમાં એક સમારોહમાં એનાયત કરવામાં આવશે.

ફેસ્ટિવલના આયોજકો તરફથી એક પ્રેસ રિલીઝમાં જણાવાયું છે કે, આ સેગમેન્ટ ફિલ્મ સ્કૂલ ફિક્શન અથવા એનિમેટેડ ફિલ્મોને પ્રદર્શિત કરવા માટે સમર્પિત છે.

"સનફ્લાવર્સ વેર ધ ફર્સ્ટ વન્સ ટુ નો"માં સૂરજ ઠાકુર દ્વારા સિનેમેટોગ્રાફી, મનોજ વી દ્વારા સંપાદન અને અભિષેક કદમ દ્વારા ધ્વનિ છે. તે એક વૃદ્ધ મહિલાની વાર્તા રજૂ કરે છે જે ગામનો કૂકડો ચોરી લે છે, જેનાથી સમુદાયમાં અવ્યવસ્થા ફેલાય જાય છે. સત્તાવાર કથાનક મુજબ, કૂકડાને પરત લાવવા માટે વૃદ્ધ મહિલાના પરિવારને દેશનિકાલ કરવાની ભવિષ્યવાણી કરવામાં આવે છે. લા સિનેફની 27મી આવૃત્તિ માટે આયોજકોને વિશ્વભરની ફિલ્મ સ્કૂલોમાંથી 2,263 એન્ટ્રીઓ મળી હતી.

અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, "આ વર્ષનો કાર્યક્રમ ફિલ્મ વિદ્યાર્થીઓની ભૌગોલિક ગતિશીલતાને પ્રતિબિંબિત કરે છે, જેમાં ઓસ્ટ્રેલિયામાં સિંગાપોરિયન ડિરેક્ટર, યુકેમાં એક ભારતીય અને એક લિથુનિયન, ચેક રિપબ્લિકમાં એક રશિયન અને રશિયન, ચાઈનીઝ અને બ્રિટિશ ફિલ્મ-નિર્માતાઓ દ્વારા અમેરિકન શાળાઓમાં બનાવેલી ત્રણ લઘુ ફિલ્મોનો સમાવેશ થાય છે."

પુણે સ્થિત પ્રીમિયર ફિલ્મ ઈન્સ્ટિટ્યૂટે પણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર તેના સત્તાવાર હેન્ડલ પર સમાચાર શેર કર્યા અને તેના વિદ્યાર્થીઓને આ સિદ્ધિ બદલ અભિનંદન આપ્યા હતા.

કાન્સ ફિલ્મ ફેસ્ટિવલની 77મી આવૃત્તિ 14થી 25 મે દરમિયાન યોજાશે.

# નાસાના વોયેજર-1એ 24 અબજ કિમીથી સિગ્નલ મોકલ્યું: 5 મહિના પહેલા અવકાશયાનની ચિપમાં સમસ્યા સર્જાઈ હતી; 46 વર્ષ પહેલાં લોન્ચ કરવામાં આવ્યું હતું

વોશિંગ્ટન, તા. 24 : અમેરિકન સ્પેસ એજન્સી નાસાના અવકાશયાન વોયેજર-1એ 24 અબજ કિલોમીટર દૂરથી સિગ્નલ મોકલ્યા છે. છેલ્લા 5 મહિનામાં આ પ્રથમ વખત છે જ્યારે વોયેજરે સંદેશ મોકલ્યો છે અને નાસાના એન્જિનિયરો તેને વાંચવામાં સફળ રહ્યા છે. વોયેજર 1ને વર્ષ 1977માં અવકાશમાં મોકલવામાં આવ્યું હતું. આ માનવ દ્વારા બનાવેલ અવકાશયાન છે જે અવકાશમાં સૌથી દૂરના અંતરે હાજર છે.



આ અવકાશયાને ગયા વર્ષે 14 નવેમ્બરથી સિગ્નલ મોકલવાનું બંધ કરી દીધું હતું. જોકે, તેને પૃથ્વી પરથી મોકલવામાં આવેલા આદેશો રિસીવ કરી રહ્યું હતું. વાસ્તવમાં, ડેટા એકત્રિત કરવા અને તેને પૃથ્વી પર મોકલવા માટે જવાબદાર અવકાશયાનની ફ્લાઈટ ડેટા સિસ્ટમ લૂપમાં અટવાઈ ગઈ હતી.

માર્ચમાં નાસાની ટીમે શોધ્યું કે અવકાશયાનની એક ચિપ ખરાબ થઈ ગઈ છે, જેના કારણે 3% ડેટા સિસ્ટમ મેમરી બગડી ગઈ હતી. આ કારણોસર અવકાશયાન કોઈ વાંચી શકાય તેવા સંકેત મોકલવામાં સક્ષમ ન હતું. આ પછી વૈજ્ઞાનિકોએ કોડિંગ દ્વારા ચિપને ઠીક કરી.

વોયેજર દ્વારા 20 એપ્રિલે મોકલવામાં આવેલા સિગ્નલમાં તેણે તેના સ્વાસ્થ્ય અને સ્ટેટસ અપડેટ આપ્યા છે. નાસાના જણાવ્યા અનુસાર, આગળનું પગલું અવકાશયાનમાંથી વિજ્ઞાન ડેટા મેળવવાનું છે.

વોયેજર-2 પછી નાસાએ અવકાશમાં અન્ય ગ્રહો શોધવા માટે વોયેજર-1 લોન્ચ કર્યું હતું. તે 5 સપ્ટેમ્બર 1977ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું. ફેબ્રુઆરી 1990માં આ અવકાશયાને સૌરમંડળની પ્રથમ ઓવરવ્યૂ તસવીર લીધી હતી. ત્યાર બાદ 25 ઓગસ્ટ, 2012ના રોજ વોયેજર-1 ઈન્ટરસ્ટેલર સ્પેસમાં પ્રવેશ્યું હતું. પૃથ્વી પરથી સંદેશ મોકલવામાં અને પછી વોયેજર-1 પરથી સંદેશ પરત મેળવવામાં 48 કલાકનો સમય લાગે છે.



ફ્રાન્સના બર્ક-સુર-મેરમાં 37મા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ દરમિયાન એક મહિલા બીચ પર લોકોને પતંગ ઉડાવતા જુએ છે

# લંડનના માર્ગો પર છ ઘોડાઓએ અનિયંત્રીત રીતે નાસભાગ કરી



લંડન, તા. 24: પાંચ પાળતૂ ઘોડાઓ, જેમાં લોહીથી લથપથ એક ઘોડાનો સમાવેશ થાય છે, મધ્ય લંડનમાં કોંક્રીટ ખસેડવાના અવાજથી ભયભીત થતાં તેઓ મધ્ય લંડનમાં નાસભાગ કરવા લાગ્યા હતા.

ઘોડા પર સવાર ત્રણ સૈનિકો સહિત પાંચ લોકો બુધવારે 3 અલગ-અલગ ઘટનાઓમાં ઘાયલ થયા હતા, ઘોડાઓએ 6 માઈલ સુધી નાસભાગ કરી હતી આ અફરાતફરી 2 કલાક સુધી ચાલી હતી.

આજે સવારે, લાઈફ ગાર્ડ્સના છ સૈનિકો અને સાત ઘોડાઓ પ્રાણીઓની ફિટનેસ જાળવવા માટેની કવાયત કરી રહ્યા હતા ત્યારે કોંક્રિટના અવાજના કારણે ઘોડાઓ ભયભીત થયા હતા. ઘોડાઓ લંડનના માર્ગો પર 6 માઈલ સુધી અનિયંત્રીત રીતે દોડયા હતા જે દરમિયાન તેઓ કેટલીક કાર, એક બસ અને એક શખ્સ સાથે અથડાયા હતા.